**CC NO. 598/2026**

---

**ખંભાળીયાના મહે.એડી.જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ સાહેબ ની કોર્ટમાં, મુ.–ખંભાળીયા.**

---

બચાવપક્ષ તરફે વિ.વકીલશ્રી. **ડી.વી.સાયાણી**

---

ગુન્હોઃ– ભારતીય ન્યાય સંહિતાની કલમ– ૨૮૫ મુજબ

---

:: <u>આંક–૦૧ નીચે હુકમ</u> ::

(૧)ફરીયાદ પક્ષની ટૂંકમાં હકીકત એવી છે કે, આ કામના આરોપીએ બનાવ તારીખે અને સમયે પોતાના કબ્જા ભોગવટાનુ વાહન જાહેર રોડ ઉપર ટ્રાફીકને અડચણ રૂપ તથા માનવ જીંદગી જોખમાય તે રીતે રોડ પર ઉભી રાખી, સ્થળ પર પકડાઈ જઈ આ કામના આરોપીએ ભારતીય ન્યાય સંહિતાની કલમ–૨૮૫ મુજબનો શિક્ષાપાત્ર ગુનો રજી. કરી તપાસ અર્થે પો.સ્ટે. તરફ મોકલી આપતાં તેઓશ્રી એ તપાસ સંભાળી લઈ ગુનાવાળી જગ્યાનું પંચનામું કરેલ તથા લગતા વળગતા સાહેદોના નિવેદનો નોંધેલ. આરોપીની ગુનાના કામે અટક કરેલ. આરોપી વિરુધ્ધ પૂરતો પુરાવો હોય, કોર્ટ માં ચાર્જશીટ દાખલ કરેલુ.

(૨)આ કામે આરોપીઓને સમન્સ કરતા આરોપી હાજર થતા આરોપી સામે ફરીયાદના સંદર્ભમાં ગુના અંગે પ્લી લેવામાં આવતા તેઓએ તેમની સામેના ગુનો કબુલ હોવાનુ સ્વેચ્છાપૂર્વક સ્વીકાર કરી, કબુલાત પુરશીશ તેઓની સહી થી રજુ કરેલ છે.

(૩)આ કામે આરોપી ધ્વારા ગુનાનો સ્વીકાર કર્યા બાદ મૌખીકમાં એવી દલીલ કરેલ છે કે, તેઓ મજુરીયાત વર્ગના અને અભણ માણસ છે અને પરીવારની જવાબદારી તેઓની ઉપર છે અને આ તેમનો પ્રથમ વખતનો ગુનો છે જેથી તેઓની ઉપર રહેમ નજર રાખવા અરજ કરેલ છે. અને તેમનો આ પ્રથમ વખત નો ગુનો હોવાનું જણાવી તેઓને ઓછામાં ઓછી સજા અને દંડ કરવા અરજ કરેલ છે.

(૪)કોર્ટ ધ્વારા આરોપીને પુછવામાં આવેલ છે કે તેઓ ગુનો કબુલ કરવા બંધાયેલ નથી તેમ જણાવવા છતાં અને સમજાવવા છતાં પણ સ્વૈચ્છીક રીતે ગુનો કબુલ કરતાં હોવાનું જણાવેલ છે અને તેઓની ઉપર આ તેમનો પ્રથમ વખતનો ગુનો હોઈ

રહેમ નજર રાખવા અને કાયદામા ઠરાવેલ સજા કરતા પણ ન્યુનતમ સજા કરવા અરજ કરેલ છે અને ભવિષ્યમાં આ પ્રકારનો ગુનો નહી થાય તેની બાંહેધરી આપેલ છે.

(૫)આરોપી સામેનો આક્ષેપીત ગુનો તથા સજાની જોગવાઈ ધ્યાને લેતા તથા આરોપી ગરીબ અને મજુરીયાત વર્ગનો માણસ હોવાનુ જણાવેલ છે તેમજ કુટુંબમાં એકમાત્ર કમાનાર સભ્ય છે તેમજ ગુન્હો કર્યાનો અફસોસ વ્યકત કરે છે અને ભવિષ્યમાં બીજો ગુન્હો નહીં કરવાની ખાત્રી આપતા હોઈ ન્યાયના હિતમાં નીચે મુજબનો આખરી હુકમ ફરમાવું છું. :–

**– હુકમ –**

- આરોપી– કુલદીપસિંહ રાજેન્દ્રસિંહ જાડેજા, રહે.મુ.વાડીનાર, તા.ખંભાળીયા, જી.દેવભુમીધ્વારકાનાઓ ભારતીય નાગરીક સુરક્ષા સંહીતાની કલમ–૨૭૫ અન્વયે ભારતીય ન્યાય સંહિતાની કલમ–૨૮૫ મુજબના ગુન્હામાં તકસીરવાર ઠરાવી **રૂા.૩૦૦ /–** (અંકે રૂપીયા ત્રણસો પુરા)નો દંડ કરવાનો હુકમ કરવામાં આવે છે.
- જો આરોપી ઉપરોકત ગુનામાં દંડ ન ભરે તો દિન–૦૧ (એક) લેખે સાદી કેદની સજા ભોગવવા હુકમ કરવામાં આવે છે.

આજરોજ તા.૧૪, માહે–માર્ચ, સને ૨૦૨૬, ના રોજ ખુલ્લી અદાલતમાં જાહેર કર્યો.

તા.૧૪–૦૩–૨૦૨૬
સ્થળ : ખંભાળીયા.

**( ધ્રુવરાજસિંહ બી. ચૌહાન )**
એડી.જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ,
મુ.ખંભાળીયા.
**જી.જે.૦૧૭૩૨.**